ગુજરાતમિત્ર

# ગતિવિધિ

## સિગ્મા યુનિવર્સીટીમાં ટીમ સ્વીપ યુવા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો




વડોદરા : જિલ્લા ચૂંટણી અધિકારી બીજલ શાહના માર્ગદર્શન હેઠળ ટીમ સ્વીપ અને સિગ્મા યુનિવર્સીટી દ્વારા યુવા મતદારોમાં મતદાન જાગૃતિ લાવવા માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જેમાં ૩૦૦થી વધુ વિધાર્થીઓ સહભાગી થયા હતા. વડોદરા ટીમ સ્વીપ દ્વારા મતદાન જાગૃતિ લાવવા અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે જેથી મતદારોમાં મતદાન માટેની નિરસતા ઓછી થાય અને મતદાન કરી લોકશાહીને મજબૂત કરવા પ્રેરિત થાય. સિગ્મા યુનિવર્સીટી ખાતે ટીમ સ્વીપના કો ઓર્ડીનેટર ડો.સુધીર જોશીની ઉપસ્થિતિમાં યુવા મતદારોને મત આપવા પ્રેરિત કરવા કાર્યક્રમ યોજાયો હતો.સિગ્મા યુનિવર્સીટીના એમ.ડી. ડો. હર્ષ શાહ,અધિક કલેકટર હિમાંશુ પરીખ, પ્રોવોસ્ટ, આર.જે. સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સંત નિરંકારી મંડળ દ્વારા બપોદ મુકામે મેગા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું



વડોદરા : નિરંકારી સદગુરુ માતા સુદીક્ષાજી મહારાજના આશિષ થકી સંત નિરંકારી સત્સંગ ભવન વૃદાવન હાઈટની બાજુમાં બાલાજી મંદિરની સામે એકતા નગર રિંગ રોડ બપોદ મુકામે મેગા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા ઝોનના ઝોનલ ઈન્ચાર્જ બલજીતકૌરજી ના જણાવ્યા અનુસાર નિરંકારી મિશનના પૂર્વ માર્ગદર્શક પુગ પર્વતક નિરંકારી સદગુરુ બાબા ગુરુબચનસિંહજીની યાદમાં ૨૪, એપ્રિલના રોજ માનવ એકતા દિવસ પુરા ભારત ભરમાં નિરંકારી અનુયાયીઓ મનાવે છે. રક્તદાન શિબિરનું શુભારંભ મુંબઈ થી પધારેલ પ્રચારક મહાત્મા સંજય રાઉતજી ના કરકમલો દ્વારા કરવામાં આવ્યું હતું.

## ‘પોસ્ટ કવર પર ચુનાવ કા પર્વ, નો સંદેશો આપતા સ્ટેમ્પ થકી મતદાન જાગૃતિ માટે અપીલ




વડોદરા : લોકસભા બેઠકની સામાન્ય ચૂંટણી તા.૭, મે ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તંત્રના આ પ્રયાસોમાં પોસ્ટ વિભાગ પણ સહભાગી બન્યું છે. ડભોઈ પોસ્ટ ઓફિસ દ્વારા વિતરણ કરવામાં આવતા પોસ્ટ કવર પર ચુનાવ કા પર્વ,દેશ કા ગર્વ, મતદાન અવશ્ય કરીયેનો સંદેશો આપતા સ્ટેમ્પ થકી મતદાન જાગૃતિનો સંદેશો ફેલાવવામાં આવી રહ્યો છે. તા.૭ મે ના રોજ સવારે ૭ કલાકથી સાંજના ૬ કલાક સુધી યોજાનાર ચૂંટણીમાં શહેર જિલ્લાના મતદારોને અવશ્ય મતદાન કરવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## પ્રતાપનગર વિસ્તારમાં આવેલા ગીતામંદિર ખાતે વટ સાવિત્રી વ્રતના ઉદ્યાપનની નામ નોંધણી



વડોદરા : શહેરના પ્રતાપ નગર વિસ્તારમાં આવેલ ગીતામંદિરમાં તા. 21,જૂન, 2024ને શુક્રવારના રોજ વટસાવિત્રી વ્રતના ઉદ્યાપનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમણે વ્રત ઉજવવું હોય તેમણે ગીતામંદિર, પ્રતાપનગર વડોદરા ખાતે રુબરુ સંપર્ક કરીને આમ નોંધાવી જવા જણાવ્યું છે.

ગુજરાતમિત્ર
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ વડોદરા પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
સરનામુ :- 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા. (ફોન : 0265-2462584)
આપ અમને ઈ-મેલ પણ કરી શકો છો! gmbrdpressnote@gmail.com

**અલકાપુરી ગોવર્ધનનાથજીના મુખિયા અને પરિવારમાં ખુશી**

# ગૂમ થયેલા 15 વર્ષના જીગરનો વૃંદાવનથી અચાનક ફોન આવ્યો... પરિવારમાં ખુશી

**8 દિવસથી** અલકાપુરી ગોવર્ધન હવેલી ના મુખ્યાનો પુત્ર ગુમ થયો હતો



(પ્રતિનિધી) વડોદરા તા.25
શહેરના અલકાપુરી વિસ્તારમાં આવેલી ગોવર્ધન નાથજી હવેલી ના મુખિયા ગુમ થયેલ ૧૫ વર્ષ ના પુત્ર માટે ચિંતા કરી કરી પાછલા આઠ દિવસ થી આશુ રોકાતા ના હતા ત્યારે અચાનક વૃંદાવન થી છોકરાનો ફોન આવતા પરિવાર માં ખુશી ની લહેર આવી ગઈ હતી.

હકીકતની વાત એવી છે કે વડોદરા અલકાપુરી ગોરધનનાથજીની હવેલીના મુખ્યાનો છોકરો (જીગર જોષી ઉંમર વર્ષ ૧૫) જે કંઈ કીધા વગર આઠ દિવસ પેહલા ઘરે થી બહાર જતો રહ્યો હતો અને ત્યાર બાદ એનો કોઈ પતો મળતો ન હતો. મુખ્યા અને પરિવાર ના સભ્ય પોલીસ માં જાણ પણ કરી હતી અને સોધ ખોડ પણ ચાલુ હતી. ત્યારે આજ રોજ અચાનક મુખિયાના પુત્ર જીગર જોશીનો મુખ્યા પર ફોન આવ્યો હતો અને જણાવેલ કે હુ વૃંદાવનમાં છું. આ વાત જાણતા પરિવારમાં ખુશી અને આનદનો મોહોલ જોવા મળેલ. તરત પોલીસ ને જાણ કરતા પોલીસ એક્શનમાં આવી ગઈ હતી અને વૃંદાવન પોલીસને જાણ કરી જીગર જોશી ને લેવા પહોચી હતી. ત્યારબાદ ડીસીબી જોન ૨, અભય સોની પોતે જીગર જોશીને લેવા વૃંદાવન પહોંચી ગયા હતા. એને ત્યાંથી વડોદરા જીગર જોશી લઈ વડોદરાની તજવીજ હાથ ધરી છે. જીગર જોષીને વડોદરા લાવે ત્યાર પછી પોલીસ જાણવાની કોશિશ કરશે કે વૃંદાવન કેમ ગયા અને કેવી રીતે ગયા. બાકીની તમામ વિગત જીગર જોશીને વડોદરા લાવ્યા બાદ ખબર પડશે. હાલ તો અલકાપુરી ગોવર્ધન નાથજીના મુખિયા અને પરિવાર ખુશ છે અને એમનો પુત્ર એમની પાસે આવે એની રાહ જોઈ રહ્યા છે.

## જિલ્લાના ૬૧૯ સૈનિકોને મતદાન કરવા ઓનલાઈન બેલેટ મોકલાયા

(પ્રતિનિધી) વડોદરા તા.25
વડોદરા સંસદીય બેઠક માટે ઉમેદવારોનું લિસ્ટ ફાઈનલ થતાંની સાથે જ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સર્વિસ વોટર્સ એટલે કે લશ્કરી દળોના સૈનિકોને ઓનલાઈન બેલેટ પેપર મોકલી આપવામાં આવ્યા છે. વડોદરા બેઠક ઉપર ૫૫૦ અને જિલ્લામાં કુલ ૬૧૯ સર્વિસ વોટર્સ નોંધાયા છે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિવેક ટાંકે જણાવ્યું કે, ભારતની ચૂંટણી પ્રક્રીયા સર્વ સમાવેશક છે. એટલે તેમાં દેશની રક્ષા કરતા સૈનિકો પણ મતદાનથી વંચિત ના રહી જાય એવી પણ વ્યવસ્થા વિકસાવવામાં આવી છે. સૈનિકોને સર્વિસ વોટર્સ ગણી તેમના માટે વિશેષ પ્રકારે બેલેટ પેપર મોકલવામાં આવે છે. પહેલા એવી વ્યવસ્થા હતી કે, ઉમેદવારોનું લિસ્ટ ફાઈનલ થાય એટલે તુરંત સર્વિસ વોટર્સને બેલેટ પેપર મોકલાવતા હતા.

# ભાલીયાપુરામાં 355 લીટર દેશી દારૂનો નાશ કરાયો

**સ્થળ પરથી** પાંચ લોકોની ધરપકડ, એકને વોન્ટેડ જાહેર કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.25
વડોદરા જિલ્લાના ભાલિયાપુરા ગામની આસપાસના વિસ્તારમાંથી ક્રાઈમ બ્રાન્ચ તથા એલસીબી ઝોન-3ની ટીમે 29 હજાર લીટર દારૂ બનાવવાનો વોશ તથા 355 લિટર દેશી દારૂનો નાશ કરાયો હતો. જ્યારે સ્થળ પરથી વિના પાસ પરમિટે દારૂ અને વોશ રાખનાર 5 લોકોને ઝડપી પાડ્યા હતા જ્યારે એકને વોન્ટેડ જાહેર કર્યો હતો.

પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર લગામ લગાવવા દારૂની રેડ કરવાની પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર સહિતના અધિકારીઓ સૂચના આપી હતી. જેના આધારે તાજ આજે 25 એપ્રિલના રોજ વહેલી સવારે ક્રાઈમ બ્રાન્ચ તથા એલસીબી ઝોન-3ની ટીમે ભાલિયાપુરા ગામની આસપાસમાં વિસ્તારોમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર રેડ કરવામાં આવી હતી અને સ્થળ પરથી બેરોલોમાં ભરેલી દેશી દારૂ તથા દારૂ બનાવવાનો વોશ મળી આવ્યો હતો. જેથી પોલીસ દ્વારા દારૂ બનાવવાનો વોશ 29 હજાર લીટર રૂ. 59 હજાર તથા 55 લીટર રૂ.7 હજાર દેશી દારૂનો નાશ કરાયો હતો. ઉપરાંત વગર પાસ પરમિટે દારૂ રાખનાર કિશન રણજીત રાઠોડ,, સંજય રાજુ તડવી, વિષ્ણુ ભાઈલાલ માળી, બચીખાન ગુલાબસિંગ પઠાણ, રામલખન ગૌતમ રીશને ઝડપી પાડ્યા હતા. જ્યારે મહેશ વિઠ્ઠલ ઠાકરડાને વોન્ટેડ જાહેર કર્યો છે. કપુરાઈ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**ગોરવાનું દંપતી સવારે નોકરી પર ગયુ અને ચોરીની જાણ થઇ**

# પત્ની-પતિને હોસ્પિટલમાં લઈ ગઈ અને ઘરમાં ચોરી થઈ

**શહેરમાંથી** 3 સ્થળે મળી કુલ રૂપિયા 3.81 લાખના માલમતાની ચોરી

(પ્રતિનિધી) વડોદરા, તા.25
શહેરના સયાજીગંજ, છાણી અને ગોરવા વિસ્તારના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા અને દાગીના મળી 3.81 લાખ માલમતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જેથી સ્થાનિક પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલી વ્રજવાસ દર્પણ એપાર્ટમેન્ટમાં રહેતા અનિતા અખીલ આસદીર નિવૃત જીવન ગુજારે છે. મારા પતિને છેલ્લા ત્રણેક વર્ષથી પેરાલીસીસ હોય ગત 11 એપ્રિલે તેઓ પતિને બ્રેન સ્ટોક આવતા હોસ્પીટલ સરસામાન વેરવીખેર કરી નાખ્યો હતો. તિજોરીમાં મુકેલા સોના-ચાંદીના દાગીના મળી રૂ. 1.87 લાખ માલમત્તા ગાયબ હતી. જેથી તસ્કરો સોના ચાંદીના દાગીના ચોરી કરી ફરાર થઈ ગા હોવાનું સયાજીગંજ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. બીજા બનાવમાં ગોરવા વિસ્તારમાં આવેલી નર્મદેશ્વર સોસાયટીમાં રહેતા પુરૂષોત્તમ આનંદ પટેરીયા પતિ સાથે એલેમ્બીક ખાતે આવેલી કોન્સન્ટ્રીક્ષ કંપનીમાં નોકરી પર 19 એપ્રિલે ગયા હતા. તે દરમિયા ધોળાદિવસે તસ્કરો ઘરમાં ઘુસ્યા હતા અને બેડરૂમમાં રાખેલી લોખંડની તિજોરી સોના ચાંદીના ઘરેણા મળી રૂ. 81 હજારની માલમતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જેથી તેઓએ ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ત્રીજા બનાવમાં છાણી જકાતનાકા પાસેની આશિષપાર્ક સોસાયટીના બંધ મકાનમાંથી સોના ચાંદીના દાગીના મળી 1.13 લાખી માલ મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ફતેગંજ પોલીસે તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

## ફેબ્રિકેશનનું કામ કરતો યુવક સીડી પરથી પટકાતા મોત

(પ્રતિનિધી) વડોદરા,તા.૨૫
વાઘોડિયા રોડ પર ફેબ્રિકેશનનું કામ કરતા યુવકનું સીડી પરથી નીચે પટકાતા ગંભીર ઈજાઓ પહોચી હતી. જેને કારણે તેને તાત્કાલિક સારવાર અર્થે એક ખાનગી હોસ્પીટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો જેનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. મૂળ યુપીનો રહેવાસી એવા અતુલકુમાર હાલ ડભોઈ રોડ પર પોતાના પરિવાર સાથે રહીને ગુજરાન ચલાવતા હતા. તેઓ વ્યવસાયે ફેબ્રિકેશનનું કામ કરતા હતા. ગત રોજ તેઓ નિમેટા પાસે આવેલી એક સાઈટ પર કામ કરી રહ્યા હતા તે દરમ્યાન તેમનો પગ લોખંડની સીડી પરથી પગ લપસતા તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાને પગલે તેઓને ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓનું સારવાર દરમ્યાન મોત નીપજતા તેના મૃતદેહને સયાજી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો. અને વાઘોડિયા પોલીસે ગુનો નોધીને તપાસ હાથ ધરી હતી.

**પરિણીતાના સાસુ, સસરા, જીજાજી અને મામા સસરા પર હુમલો કર્યો**

# 3 શખ્સોએ પરિણીતાને પટ્ટાથી મારી, કપડાં ફાડી શારીરિક છેડતી પણ કરી

**નોકરી પરથી** મોડી રાત સુધી પતિ ઘરે ન આવતા પત્નીએ ત્રણ શખ્સને પૂછતા ઝઘડો કર્યો

(પ્રતિનિધી) વડોદરા તા.25
રેલવે કોલોનીમાં રહેતી પરીણાતાનો પતિ મોડી રાત સુધી ઘરે પરત નહી ફરતા તેણી તેમને શોધવા માટે નીકળી હતી. ત્યારે પતિના ત્રણ મિત્રો મળતા પિત બાબતે પુછ્યું હતું ત્યારે ત્રણેય જણાએ જાતિ વિષયક ગાળો આપી પરિણીતાને માર માર્યા બાદ કપડા ફાડી નાખી શારીરિક છેડતી પણ કરી હતી. દરમિયાન દોડી આવેલા પરિણીતાના સાસુ, સસરા, જીજાજી અને મામા સસરાને ત્રણેવે પટ્ટાથી ઢોર માર માર્યો હતો.

ઈજાગ્રસ્તોને સારવાર એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. પરિણીતાએ રેલવે પોલીસ સ્ટેશનમાં ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

શહેરમાં આવેલી રેલવે કોલોનીમાં રહેતા પરીણીતાના પતિ પ્રાઈમ કાર સ્ટુડિયોમાં નોકરી છે અને તેઓ રોજ 7 વાગ્યાના અરસામાં ઘરે આવી જાય છે, પરંતુ 23 એપ્રિલના રોજ રાતના 8.30 વાગ્યા સુધીમાં તેઓ ઘરે પરત આવ્યા ન હતા. જેથી પરીણીતા તેમને શોધવા માટે રાત્રીના 10 વાગ્યાના અરસામાં અનાજ દળવાની ઘંટી પાસે પહોંચ્યા હતા. ત્યારે તેમના પતિના મિત્રે વારીશ, અખિલેશ યાદવ અને દિપક યાવદ મળ્યા હતા. ત્યારે પતિએ ક્યાં છે હજુ ઘરે આવ્યા નથી અને તમારા લોકોની સાથે તે ખોટા રસ્તે જાય છે તેમ કહ્યું હતું. ત્યારે ત્રણેય જણાયે તેમને જાતિવિષયક ગાળો બોલવા લાગ્યા હતા. દરમિયાન તેમના સાસુ અને સસરા ત્યાં આવી જતા તેમને પટ્ટાથી માર માર્યો હતો. તેઓએ પરીણિતાની કમીઝમાં હાથ નાખીને ફાડી નાખ્યા બાદ છાતી પર હાથ મુકી છેડતી કરી હતી.

થોડી વાર બાદ આવેલા જીજાજી તથા મામા સસરા વારીસ, અખીલેશ યાદવ તથા દિપક યાદવે મારમારી એક્ટિવાને નુક્સાન પહોંચાડ્યું હતું. તેઓએ કંટ્રોલમાં ફોન કરતા ફતેગંજ પોલીસ આવી ગઈ હતી. જેથી માર મારનાર ત્રણ જણા ભાગી ગયા હતા. પરીણીતા સહિતના ઈજાગ્રસ્તોને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. પરીણીતાએ રેલવે પોલીસ સ્ટેશનમાં ત્રણ શખ્સો સામે ફરિયાદ નોધાવી છે.

**મધ્ય ગુજરાતના સૌથી મોટા સયાજી હોસ્પિટલમાં સારવાર મેળવવી મુશ્કેલ : સત્તાધીશો પણ નિંદ્રાધીન**

# SSGમાં રેનબસેરાની સુવિધા બંધ કરાતાં દર્દીના સગાને ફૂટપાથ પર રહેવાની ફરજ પડી

**ભર ઉનાળામાં** દર્દીઓના સગાંને તડકામાં બેસવા મજબુર કરતુ તંત્ર

**દર્દીઓના** સગા માટે લાખોના ખર્ચે બનાવવામાં આવેલા વિશ્રામ સદન પર તાળા તો બીજી તરફ રેનબસેરા પણ બંધ



(પ્રતિનિધિ) વડોદરા, તા. ૨૫
મધ્ય ગુજરાતની સયાજી હોસ્પિટલમાં સારવાર માટે મોટી સંખ્યામાં દર્દીઓ આવતા હોય છે ત્યારે દર્દી સાથે તેઓના સગા પણ તેમની સારસંભાળ માટે આવતા હોય છે જેને દર્દી સાથે રહેવાની સંમતી આપવામાં આવતી નથી જેથી રાત્રી દરમ્યાન તેઓને આશરો શોધવો અઘરો થઈ જતો હોય છે સાથે જ દિવસે પણ વોર્ડમાં ભીડ વધી જાય જેના કારણે પણ સગાઓ ને નીચે ઉતારી દેતા હોય છે ત્યારે તેઓને ભર ઉનાળામાં તડકામાં બેસવા મજબુર કરી દેતું તંત્ર એક તરફ લાખોના ખર્ચે વિશ્રામ સદનની વ્યવસ્થા ઉભી કરી છે જે હાલ બંધ હાલતમાં છે અને મફત વિશ્રામ માટે રેનબસેરા પણ બનાવવામાં આવ્યું છે જે હાલ કામ ચાલતું હોવાના કારણે બંધ કરવામાં આવ્યું છે. પરંતુ દર્દીઓના સગા માટે રહેવાની વૈકલ્પિક સુવિધા ઉભી ન કરતા આખરે નાની બાળકી હોય કે પછી વયો વૃદ્ધ તમામને તડકામાં શેકાવવા પર મજબુર કરી દીધેલું તંત્ર લોકો માટે ક્યારે વિચારશે તે હવે જોવાનું રહ્યું.

જોકે વર્ષ પહેલા લાખોના ખર્ચે બનાવવામાં આવેલું વિશ્રામ સદન હાલ ધૂળ ખાતી અવસ્થામાં જોવા મળી રહ્યું છે. તંત્ર દ્વારા માત્ર નાણાં મેળવવા માટેના ઈરાદાથી બનાવવામાં આવેલું વિશ્રામ સદન મા શરૂઆતમાં 75 રૂપિયા બાદમાં 45 રૂપિયા કરવા છતાં પણ ત્યાં કોઈપણ સગાઓ રહેવા છતાં હોવાથી આખરે તેને બંધ કરી દેવામાં આવ્યું છે જોકે સયાજી હોસ્પિટલ માં સારવાર મેળવવા માટે આવતા લોકો ખાસ અન્ય રાજ્ય તેમજ અન્ય ગામડાઓમાંથી આવતા હોવાનું જોવા મળે છે ત્યારે તેઓ ની આર્થિક પરિસ્થિતિ પણ સારી ન હોવાથી તેઓ નાણાં ખર્ચી શકે તેવી શક્યતા જોવા મળતી નથી તેથી તેઓ સ્નાન કરવા માટે અને થોડા દિવસો પૂરતું રહેવા માટે રેન બસેરામાં આશરો લેતા હોય છે પરંતુ ત્યાં સિક્યુરિટી ગાર્ડનના ભાવના કારણે અનેક વાર ચોરી તેમજ મારામારીના બનાવો પણ સામે આવ્યા છે જોકે વૈકલ્પિક સુવિધાની વ્યવસ્થા તેમજ રજૂઆત બાબતે હોસ્પીટલના સત્તાધીશ એવા આર.એમ.ઓ. દેવશી હેલૈયાને ટેલીફોનીક સંપર્ક સાધતા તેઓએ ફોન ઉપાડવાનું ટાળ્યું હતુ.

**વિશ્વ મેલેરિયા દિવસ નિમિત્તે રેલી યોજાઇ**

# માદા એનોફિલિસ મચ્છરના કરડવાથી મેલેરિયા ફેલાય છે

**શિયાબાગ** અને નવાપુરા અર્બન હેલ્થ સેન્ટર દ્વારા જાગૃતિ રેલીનું આયોજન



(પ્રતિનિધી) વડોદરા તા. 25
દર વર્ષે 25 એપ્રિલના રોજ વિશ્વ મેલેરિયા જાગૃતિ દિવસની ઉજવણી કરવામાં આવે છે, વિશ્વ મેલેરિયા દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ લોકોને મેલેરિયા વિશે જાગૃત કરવાનો અને તેમના જીવનની સુરક્ષા કરવાનો છે ત્યારે ગુરુવારે વડોદરા મહાનગરપાલિકાના મુખ્ય કચેરીથી શિયાપુરા અને નવાપુરા અર્બન હેલ્થ સેન્ટરના સ્ટાફ દ્વારા મેલરીયા વિશેની જાગૃત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, રેલીમાં મેલેરિયા વિશે જાગૃત કરવાનું પેમ્પ્લેટ વિતરણ કરવામાં આવ્યું હતું, આ રેલીમાં ડોક્ટર નર્સ તથા અર્બન હેલ્થ સેન્ટરના સ્ટાફ જોડાયા હતા આ રેલીનો સમાપન જય રત્ન ચાર રસ્તા નજીક થયું હતું મેલેરિયા કે જે મચ્છરો દ્વારા ફેલાતી સૌથી જીવલેણ બીમારી છે કે જે માદા એનોફિલિસ મચ્છરના કરડવાથી ફેલાય છે. આ મચ્છર ડંખ મારતી વખતે આપણા લોહીમાં પોતાના પરોપજીવી છોડે છે. આ પરોપજીવી શરીરમાં પ્રવેશતાની સાથે જ તે લીવર તરફ આગળ વધે છે. પરિપક્વતાના થોડા દિવસો બાદ પરોપજીવી લોહીમાં પ્રવેશ કરે છે અને લાલ રક્ત કોશિકાઓને નુકસાન પહોંચાડે છે. લોકોને આ ખતરનાક સંક્રમણ વિશે જાગૃત કરવા માટે દર વર્ષે 25મી એપ્રિલે 'વિશ્વ મેલેરિયા દિવસ' ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી કરવાનો હેતુ મેલેરિયા જેવા ખતરનાક રોગ પર લોકોનું ધ્યાન કેન્દ્રિત કરવાનોઅને તે પ્રત્ય જાગૃત્તા ફેલાવોનો છે.

# પૂરી-અમદાવાદ એક્સપ્રેસમાંથી 1.54 લાખનો ગાંજો ઝડપાયો



**5.420** કિલોગ્રામ ગાંજો રેલવે પોલીસને સોંપ્યો

(પ્રતિનિધી) વડોદરા, 25
નંદુરબારથી વડોદરા આવી રહેલી પૂરી અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી રેલવે એસઓજી પોલીસને 1.54 લાખનો 15.420 કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. ગાંજાનો જથ્થો કબજે કરીને વડોદરા રેલવે પોલીસ સ્ટેશનમાં સોપવામાં આવ્યો છે. તાજેતરમાં જ પશ્ચિમ રેલવે પોલીસ અધિક્ષક સરોજ કુમારીની સુચના હેઠળ ટ્રેનમાં થતી ગેરકાયદે નશાયુક્ત પદાર્થોની હેરાફેરીને ધ્યાનમાં રાખીને સરપ્રાઈઝ ચેકિંગ ટ્રેનોમાં તથા રેલ્વે સ્ટેશન પર કરાયું હતું. 25 એપ્રિલે નંદુરબાર થી પૂરી અમદાવાદ એક્સપ્રેસ ટ્રેન વડોદરા તરફ આવી રહી હતી. દરમિયાન રેલવે ટીમે કાશીપુરા સરાર રેલવે સ્ટેશન પસાર થયા બાદ ટ્રેનના ત્રીજા અને ચોથા જનરલ કોચના વચ્ચેથી બે શંકાસ્પદ બેગો મળી આવી હતી. જેમાં તપાસ કરતા 1.54 લાખનો 15.420 કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

**સવિતા બા અત્યારે એમની છોકરીના ઘરે રહે છે, અને એમણે 4 પેઢી જોઇ છે**

# લોકસભા ચૂંટણીમાં મતદાન કરવા માટે ઉત્સાહિત છે 102 વર્ષના સવિતાબા

**માંજલપુર** વિસ્તારમાં રહેતા સવિતાબેન આજે પણ તેઓ સ્વસ્થ રીતે હરીફરી શકે છે



(પ્રતિનિધી) વડોદરા, તા.25
આજના ટેકનોલોજીકલ યુગના કારણે આજે માણસ ચાંદ પર પહોંચી ગયો છે. પરંતુ આ ઝડપી અને અત્યાધુનિક યુગમાં માનવીનું જીવન હવે ટૂંકુ થઈ રહ્યું છે. વધતું જતું પ્રદૂષણ અને તણાવયુક્ત જીવનશૈલી તેમજ અનિયમિત આહરશૈલીએ માનવીનું આયુષ્ય ઘટાડી દીધું છે. આજના સમયમાં 80 વર્ષ સુધી સ્વસ્થતા સાથે જીવવું એ કોઈ મોટી સિદ્ધિ હાંસલ કરવાથી ઓછું નથી. સવિતા બાને આ ઉંમરે પણ ચશ્મા પહેરવાની જરૂર પડતી નથી કહેવાય છે ને કે, જેમણે પહેલાંનું ઘી ખાધેલું હોય એમના હાડકામાં મજબૂત રહે. ત્યારે વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા સવિતાબેન શાહ જેઓ 102 વર્ષના છે. આજે પણ તેઓ મસ્ત રીતે અને સ્વસ્થ રીતે હરીફરી શકે છે તથા તેમને ભગવાનની કૃપાથી કોઈ પણ પ્રકારનો રોગ નથી. સવિતા બાને આ ઉંમરે પણ ચશ્મા પહેરવાની જરૂર પડતી નથી. અને તેઓ 102 વર્ષે પણ મત આપવા ખૂબ ઉત્સાહિત છે. સવિતા બાનો જન્મ વર્ષ 1922માં આમોદ ગામમાં થયો હતો. એમનાં પતિનું નામ મંગલસિંહ, જેમનો સ્વર્ગવાસ થયો હતો. સવિતા બાના લગ્ન 22 વર્ષની ઉંમરે થયા હતા. સવિતા બા અત્યારે એમની છોકરીના ઘરે રહે છે. એમણે એમના પરિવારની 4 પેઢી જોઈ છે. અને હજી લાગે છે કે પાંચમી પેઢી પણ બા જોશે. કિશોર અવસ્થામાં સવિતા બા ગાંધીજીને આમોદની શાળામાં મળ્યા હતા. ગાંધીજી સાથેની મુલાકાતના સંસ્મરણો બા એ વાગોળ્યા છે. સવિતા બા 7 ધોરણ ભણેલા છે. પણ તેઓ અમેરિકા પણ ઘણી વાર ફરી આવ્યા છે. મતદાન એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે. સવિતા બા એ જણાવ્યું કે, તેઓ ખૂબ જ ઓછું જમે છે. ઉપરાંત એમને કોઈપણ પ્રકારના શાકભાજી ભાવતા નથી. પરંતુ ગળ્યું ખાવાનું ખૂબ જ ભાવે જેમકે સુખડી અને શીરો. જમવા જોડે પણ એમને ખાટુ અથાણું ખૂબ જ પ્રિય છે. તેઓ દરરોજની નિત્યક્રમની કસરતો કરે છે અને આખો દિવસ ભગવાનનું નામ લઈને માળા જપે છે. તથા એમને કામ કરવાનો ખૂબ જ શોખ હોવાથી શાકભાજી સમારવું ગમે છે. તથા પાડોશી પાસેથી પણ શાક સુધારવાનું કામ લઈ આવતા હોય છે. મતદાન જાગૃતિ વિશે તેમણે કહ્યું હતું કે, આજની પેઢી ખૂબ જ આળસુ છે. મતદાન એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે, દરેક નાગરિકે નિભાવવી જોઈએ અને મતદાન જરૂર કરવું જોઈએ.